# ઈસ્લામી સંસ્કૃતિની વિશેષતાઓ અને તેના પરિદશ્યો

**ઈસ્લામી સંસ્કૃતિના** કેટલાક સિદ્ધાંતો અને નીતિ-નિયમો છે, જેના પર તે કાયમ છે, અને તેની કેટલીક વિશેષતાઓ છે, જેનાથી તે બીજી સંસ્કૃતિઓથી અલગ અને વિશિષ્ઠ બને છે. તેમાં મુખ્ય આ પ્રમાણે છે :–

### (૧) આસ્થા (અકીદો, Belief) :

ઈસ્લામે તૌહીદ (એકેશ્વરવાદ)ની આસ્થાનું આમંત્રણ આપ્યું છે, જેને લઈને આજ્ઞાપાલન અને ઈબાદત એક માત્ર અલ્લાહનો અધિકાર ઠરે છે. ઈસ્લામે આ શ્રદ્ધા અને આસ્થાના તમામ ગૌણ પાસાઓ ખોલી-ખોલીને દલીલો સાથે વર્ણવી દીધા છે. એટલું જ નહિં, બલ્કે વિરોધી વિચારો અને દષ્ટિકોણોના અસત્ય હોવાનું પણ સંપૂર્ણપણે સિદ્ધ કરી દીધું છે. અલ્લાહ ત્આલા ફરમાવે :

﴿قُلْ هُوَ ٱللَّهُ أَحَدٌ ۝١ ٱللَّهُ ٱلصَّمَدُ ۝٢ لَمْ يَلِدْ وَلَمْ يُولَدْ ۝٣ وَلَمْ يَكُن لَّهُۥ كُفُوًا
أَحَدٌۢ ۝٤﴾ الإخلاص: ١ - ٤

અનુવાદ : ''કહો, અલ્લાહ એક છે, અલ્લાહ સૌથી બેનિયાઝ (નિરપેક્ષ) છે અને સૌ તેના મોહતાજ છે. ન તેનું કોઈ સંતાન છે અને ન તે કોઈનું સંતાન, અને કોઈ તેના સમકક્ષ નથી.'' (સૂરઃ ઈખ્લાસ, આ.૧-૫)

**આમ,** ઈસ્લામે એ તમામ ચર્ચાઓ અને વાદ-વિવાદોને સમાપ્ત કરી નાખ્યા, જે અલ્લાહના એક હોવા વિશે થઈ રહ્યા હતા. ઈસ્લામે યહૂદીઓ અને ખ્રિસ્તીઓની અસત્ય અટકળો અને અનુમાનોનું તાર્કિક ખંડન કરી દીધું. આના વિશે અલ્લાહ ત્આલાનો ઈરશાદ છે :

﴿ وَقَالَتِ ٱلْيَهُودُ عُزَيْرٌ ٱبْنُ ٱللَّهِ وَقَالَتِ ٱلنَّصَٰرَى ٱلْمَسِيحُ ٱبْنُ ٱللَّهِ ۖ ذَٰلِكَ قَوْلُهُم
بِأَفْوَٰهِهِمْ ۖ يُضَٰهِـُٔونَ قَوْلَ ٱلَّذِينَ كَفَرُوا۟ مِن قَبْلُ ۚ قَٰتَلَهُمُ ٱللَّهُ ۚ أَنَّىٰ يُؤْفَكُونَ ۝٣٠
ٱتَّخَذُوٓا۟ أَحْبَارَهُمْ وَرُهْبَٰنَهُمْ أَرْبَابًا مِّن دُونِ ٱللَّهِ وَٱلْمَسِيحَ ٱبْنَ مَرْيَمَ وَمَآ
أُمِرُوٓا۟ إِلَّا لِيَعْبُدُوٓا۟ إِلَٰهًا وَٰحِدًا ۖ لَّآ إِلَٰهَ إِلَّا هُوَ ۚ سُبْحَٰنَهُۥ عَمَّا يُشْرِكُونَ ۝٣١ ﴾
التوبة: ٣٠ - ٣١

અનુવાદ : ''યહૂદીઓ કહે છે કે ઉઝૈર અલ્લાહનો પુત્ર છે અને ખ્રિસ્તીઓ કહે છે કે મસીહ અલ્લાહનો પુત્ર છે. આ તથ્યહીન વાતો છે, જે તેઓ પોતાના મોઢેથી કાઢે છે, એ લોકોના દેખાદેખી જેઓ તેમના પહેલાં કુફ્ર (અધર્મ)માં ગ્રસ્ત થયા હતા. અલ્લાહની ફિટકાર તેમના પર, આ લોકો ક્યાંથી ધોકો ખાઈ રહ્યા છે. તેમણે પોતાના ધાર્મિક વિદ્વાનો અને સંતો-સંન્યાસીઓને અલ્લાહ સિવાય પોતાના રબ (પ્રભુ-પાલનહાર) બનાવી લીધા છે, અને એ જ રીતે મસીહ ઈબ્ને મરયમ (હઝરત ઈસા ﷺ)ને પણ. જ્યારે કે તેમને એક ઉપાસ્ય સિવાય

www.muzainfalahi.com

કોઈની બંદગીનો આદેશ આપવામાં આવ્યો ન હતો. તે, જેના સિવાય કોઈ ઉપાસનાનો અધિકારી નથી, પવિત્ર છે એ શિર્કયુક્ત વાતોથી, જે આ લોકો કરે છે.'' (સૂરઃ તૌબા, આ.૩૦-૩૧)

ઈસ્લામે દલીલોના પ્રકાશમાં એ તમામ લોકો સામે પ્રમાણ સ્થાપી દીધું, જેમણે અલ્લાહ સિવાય કોઈ અન્યને ઉપાસ્ય બનાવી રાખ્યા હતા. અલ્લાહ તઆલા ફરમાવે છે :

﴿ أَمِ اتَّخَذُوا آلِهَةً مِنَ الْأَرْضِ هُمْ يُنْشِرُونَ ﴿٢١﴾ لَوْ كَانَ فِيهِمَا آلِهَةٌ إِلَّا اللَّهُ لَفَسَدَتَا ۚ فَسُبْحَانَ اللَّهِ رَبِّ الْعَرْشِ عَمَّا يَصِفُونَ ﴿٢٢﴾ ﴾ الأنبياء: ٢١ - ٢٢

અનુવાદ : ''શું આ લોકોના બનાવેલા ધરતીના ઉપાસ્યો એવા છે કે (નિર્જીવને સજીવ બનાવીને) ઊભા કરી દે ? જો આકાશ અને ધરતીમાં અલ્લાહ સિવાય બીજા પણ ઉપાસ્યો હોત, તો (ધરતી અને આકાશ) બંનેની વ્યવસ્થા છિન્ન-ભિન્ન થઈ જતી. પવિત્ર અને ઉચ્ચ છે અલ્લાહ, અર્શનો માલિક, એ વાતોથી જે આ લોકો બનાવી રહ્યા છે.'' (સૂરઃ અંબિયા, આ.૨૧-૨૨)

**ઈસ્લામ** એક પરિપૂર્ણ અને સર્વગ્રાહી દીન (ધર્મ) છે. તેની સર્વગ્રાહિતાનું પ્રાગટ્ય પૂર્ણરૂપે તેની સંસ્કૃતિમાં થાય છે. માનવ-જીવનના બધા પાસાઓ - આર્થિક, રાજકીય, સામાજિક અને વૈચારિક દરેક પર તેની ઊંડી છાપ જોઈ શકાય છે. ટૂંકમાં, ઈસ્લામ માનવીની આધ્યાત્મિક, બૌદ્ધિક અને શારીરિક જરૂરિયાતો સંતોષે છે. ઈસ્લામી સંસ્કૃતિ ધરતી પર કયામત સુધી વસવાવાળા લોકોની સમસ્યાઓનો હલ પ્રસ્તુત કરવા સક્ષમ છે, કેમ કે આ એ કુર્આનની સંસ્કૃતિ છે, જેની સુરક્ષાની જવાબદારીનું વચન અલ્લાહ તઆલાએ કયામત સુધી આપી રાખ્યું છે. આ પથ્થર સમાન કોઈ જડ અને સ્થિર સંસ્કૃતિ નથી, બલ્કે એ તમામ વિચારો અને સંસાધનોને પોતાનામાં સમાવી લે છે, જે માનવીની ઉન્નતિ અને પ્રગતિમાં સહયોગી હોય છે. તેથી એ વાત સાબિત થઈ જાય છે કે ઈસ્લામી સંસ્કૃતિની પાસે પોતાના સિદ્ધાંતો અને નીતિ-નિયમો છે અને તેમાં એટલો અવકાશ છે કે દરેક યુગ અને દરેક પ્રદેશમાં તેના કાનૂનોને લાગુ કરી શકાય છે, જેમાં પ્રજાનો ફાયદો હોય છે.

### (૨) શિક્ષણની વિશેષ વ્યવસ્થા :

ઈસ્લામી સંસ્કૃતિએ શિક્ષણનો વિશેષ પ્રબંધ કર્યો છે. કુર્આન-કરીમ અને હદીસોમાં જ્ઞાન અને વિદ્યાની પ્રાપ્તિનું પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેથી ઈસ્લામે બૌદ્ધિક રીતે પ્રગતિશીલ કોમ અને જ્ઞાનમાં પાછળ રહી જવાવાળી કોમની વચ્ચે ભેદ કર્યો છે. અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

﴿ قُلْ هَلْ يَسْتَوِي الَّذِينَ يَعْلَمُونَ وَالَّذِينَ لَا يَعْلَمُونَ ﴿٩﴾ ﴾ الزمر: ٩

અનુવાદ : ''શું જાણવાવાળા અને ન જાણવાવાળા ક્યારેય પણ સમાન હોઈ શકે છે ?'' (સૂરઃ ઝુમર, આ.૯)

www.uzairfalahi.com

કુર્આનમાં જ્ઞાનીઓ અને વિદ્વાનોની શ્રેષ્ઠતાનું વર્ણન આ શબ્દોમાં કરવામાં આવ્યું છે :

﴿ يَرْفَعِ ٱللَّهُ ٱلَّذِينَ ءَامَنُوا۟ مِنكُمْ وَٱلَّذِينَ أُوتُوا۟ ٱلْعِلْمَ دَرَجَٰتٍ ﴿١١﴾ ﴾ المجادلة: ١١

અનુવાદ : ''તમારામાંથી જેઓ ઈમાનવાળા છે અને જેમને જ્ઞાન આપવામાં આવ્યું છે, અલ્લાહ તેમને ઉચ્ચ દરજ્જાઓ પ્રદાન કરશે.'' (સૂરઃ મુજાદલા, આ.૧૧)

હુઝૂર અકરમ ﷺ એ જ્ઞાન-પ્રાપ્તિની કોશિશની ફઝીલત (શ્રેષ્ઠતા અને પુણ્ય) આ રીતે વર્ણવી છે :

«مَنْ سَلَكَ طَرِيقًا يَلْتَمِسُ فِيهِ عِلْمًا، سَهَّلَ اللَّهُ لَهُ طَرِيقًا إِلَى الْجَنَّةِ»

અર્થાત્, જે વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કોઈ માર્ગ પર ચાલે છે, અલ્લાહ તેની બરકતથી તેના માટે જન્નતનો માર્ગ સરળ કરી દે છે. (બુખારી, અબૂ દાઊદ, તિરમિઝી, ઇબ્ને માજા)

આપ ﷺ એ વધુમાં ફરમાવ્યું :

« طَلَبُ الْعِلْمِ فَرِيضَةٌ عَلَى كُلِّ مُسْلِمٍ»

અર્થાત્, જ્ઞાનની પ્રાપ્તિ દરેક મુસલમાન પર અનિવાર્ય છે. (ઇબ્ને માજા)

કેટલીક વસ્તુઓ એવી છે, જેનું જ્ઞાન પ્રાપ્ત કરવું દરેક મુસલમાન પુરુષ અને સ્ત્રી પર અનિવાર્ય છે. તેનાથી બેપરવાઈ કોઈપણ સ્થિતિમાં ચાલી શકાતી નથી. આ ઇસ્લામી વ્યવસ્થાની પાયાની વસ્તુઓ છે, જેમ કે વુઝૂ, પવિત્રતા અને નમાઝ વગેરે વિશે જ્ઞાન પ્રાપ્ત કરવું, કેમ કે આ એ આદેશો છે, જેની શિક્ષા પ્રાપ્ત કરીને મુસલમાન પોતાના અલ્લાહની સારી રીતે ઇબાદત કરે છે.

કેટલીક વસ્તુઓ એવી છે, જેનું જ્ઞાન પ્રાપ્ત કરવું 'ફર્ઝે-કિફાયા' છે. (અર્થાત્ એવું અનિવાર્ય કર્તવ્ય, જેને અમુક લોકોએ અદા કરવું ફરજિયાત હોય.) જેમ કે રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, બીજગણિત વગેરે. એ જ પ્રમાણે દીનનું અમુક જ્ઞાન એવું છે, જેમાં અમુક લોકો જ વિશેષજ્ઞ હોય છે, જેમ કે 'મુસ્તલિહ-ઉલ-હદીસ (હદીસની પરિભાષાઓ), 'ઉસૂલે ફિકહ' (ઇસ્લામી કાનૂનશાસ્ત્રના નિયમો) વગેરે.

## ઈસ્લામી સંસ્કૃતિના પરિદૃશ્યો :

ઈસ્લામી સંસ્કૃતિ માનવ-જીવનના આધ્યાત્મિક અને ભૌતિક બંને પાસાઓથી ક્યારેય ગાફેલ નથી રહી. તેથી આપણને એ જાણવા મળે છે કે ઇસ્લામી સંસ્કૃતિની ભૂમિકા જુદા-જુદા ક્ષેત્રોમાં સ્પષ્ટ રહી છે, એ રીતે કે આ સંસ્કૃતિએ માનવીના જીવનના તમામ વિભાગોમાં પ્રગતિ કરી છે અને તેના પરિદૃશ્યો આ પ્રમાણે છે :

**૧ –** રાજકીય પાસું.

www.uzairfalahi.com

૨ – આર્થિક પાસું.

૩ – સામાજિક પાસું.

૪ – બૌદ્ધિક પાસું.

૫. – આંતરરાષ્ટ્રીય સંબંધો.

૬. – કાનૂન-વ્યવસ્થા.

૭. – ન્યાય-વ્યવસ્થા.

૮. – યુદ્ધનું પાસું.

૯. – નિર્માણનું પાસું.

www.uzairfalahi.com